# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

અલિપ્ત રહેશો તોય, મત તો આપવો જ પડશે,
જુઠ્ઠાં, કૌભાંડી ને પણ, મત તો આપવો જ પડશે!
ને પસંદ નહી કરો તો બેસાડી દેસું કારાગારે -
અમે ગમે તેવા છીએ, મત તો આપવો જ પડશે!
(લોકશાહીમાં નિર્ણયની સ્વતંત્રતા પર તરાપ)

## હાઈકુ

આપણા જિલ્લે,
હવે અજગરોની -
વધે છે સંખ્યા..
(નેતાશ્રીઓ ચિંતામાં)

છો ખર્ચો લાખો -
બ્રીજ બંધાતો નથી,
પ્રજા ની સાથે..
(હવે સિગ્નેચર-બ્રીજ)

## ચિંતન

**અપ્રાર્થિતાનિ દુખાનિ યથૈવાયાન્તિ દેહિનામ્ । સૂખાન્યપિ તથા યાન્તિ દૈન્યમત્રાતિરિચ્યતે ॥**

'આ સંસારમાં માનવીઓ જેમ દુખો મેળવવા પ્રાર્થના-ભક્તિ-સ્તુતિ કરવી નથી પડતી, તે બધું કર્મ-ફળ અનુસાર આપોઆપ જ આવી મળે છે તેમ સુખો પણ એના સમયે માગ્યા વિના કે પ્રાર્થનાઓ કર્યા વિના આવી જ મળશે. માત્ર સુખો જ મેળવવા ઈશ્વર પાસે દૈન્ય બતાવી રોકકળ કરવાની કોઇ જરુર ખરી?'

આપણએ કોઇ'દિ ભગવાન ને દુખ આપવા માટે પ્રાર્થના કરી છે? કે એના માટે અપવાસ-એકટાણાં કે પૂનમ ભરી?! છતાં એક પછી એક ઉપાધિ આવ્યા જ કરે છે ને?

આપણે સમજીએ છીએ, પૂર્વજન્મોના કર્મફળ આપણે ભોગવીએ છીએ છતાં ઇચ્છા-આશાની પૂર્તિ (ખોટી હોય છતાં) તનતોડ મહેનત કરીએ છીએ પછી જયારે કંઇ જ ન મળે ત્યારે હતાશ થઇ 'જેવી ભગવાનની મરજી' કહી ડાહ્યા થઇ બેસીએ છીએ. તો પ્રથમથી જ 'ઇશ્વરેચ્છા' સાથે સૂર મિલાવી ધૈર્ય રાખી હોત તો?! ઇશ્વર તેની ઇચ્છા મુજબ, તેને યોગ્ય લાગશે તે યોગ્ય સમયે જે આપવાનું છે તે આપશે.. માત્ર ઇશ્વરને યાદ રાખી કર્તવ્ય બજાવો - તેની પાસે માગ-માગ ન કરો.

## સુવિચાર

- પોતાની સ્વતંત્રતા એટલે બીજાની ગુલામી નહીં એ વાત સૌએ સમજવાની જરુર છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સામેની વ્યક્તિ તમારા વ્હાલને કારણે, તમારા સ્વીકારને કારણે, તમારા સ્નેહને કારણે તમને ગમે તેવું વર્તે તો એ એની 'સાદાઇ' છે. તમારી 'જીત' નથી એટલું યાદ રાખવું - **જનકલ્યાણ**
- સંબંધોની કોઇ 'રિ-સેલ' વેલ્યું નથી.. એ દુકાનના સેલમાંથી ખરીદાતી સાડી નથી, એ શ્વાસ સાથે જીવાતું એક સત્ય છે. જે સમાધાન, સમજદારી, સ્નેહ અને સત્યના ચાર પાયા પર સ્થિર ઉભેલી સ્વતંત્ર ઇમારત છે - **કાજલ ઓઝા વૈદ્ય**
- સામેની વ્યક્તિ તમારી પ્રિય વ્યક્તિ છે એનો અર્થ એવો નથી કે એણે તમારી બધી જ વાત સ્વીકારી લેવી.. એ 'તમને' સ્વીકારે છે.. તમારા મત, માન્યતા, ઇચ્છા, મહેચ્છા કે ઘેલછા ને નહીં.. - **સંબંધસૂત્ર**
- સંબંધ હંમેશા બે વ્યક્તિ વચ્ચે હોય છે, બે જુદી વ્યક્તિઓના પરમેશ્વર જુદા પણાને જાળવીને સુમેળ સાધવાથી જ 'જિંદગી જીવવાલાયક બની રહે છે' - **ચંદ્રકાન્ત બક્ષી**
- દ્રઢતા એ ઉર્જાની અસર છે અને ઉર્જા એ ઇચ્છાની ગતિ છે - **જનક મહારાજ**
- આપણો સમાજ પરસ્પરની સમજદારી અને વિશ્વાસથી રચાયો છે. એકબીજાની સાથે જીવવા માટે ખૂબ જ જરુરી છે કે આપણે 'વ્યક્તિ'ને 'વ્યક્તિગત' રીતે મૂલવીએ - **સુરેશ દલાલ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આજકાલ હાસ્ય કલાકારોના 'ફૂલ ટાઇમ' શો ચાલે છે હાસ્યકલા ધંધો થઇ ગયો છે. કલાકારો માત્ર એના પર જ જિંદગી કાઢી નાખે છે. શ્રોતાઓને ખૂબ - પેટભરી હસાવી તેમને 'ટેન્શન' મુક્ત કરતા હોય છે પણ એમના ખૂદના જીવનમાં કેટલો આનંદ - હાસ્ય છે એનો કોઇ એ વિચાર કર્યો છે ખરો?!

ગ્રીમાલ્ડો માનસિક રીતે ભાંગી પડ્યો હતો. વિચારોમાં ઉંઘ ન આવે - સતત તનાવમાં પત્ની પણ છોકરાં લઇ ચાલી ગઇ હતી. હતાશ થઇ. માનસિક રોગોના ડોકટર એમ્બરની પાસે ગયો.

ડોકટર તપાસ્યો - બધી જાતના - થઇ શકે એટલા 'રિપોર્ટ' કઢાવ્યા. પણ બધા નોર્મલ હતા. નખમાંય રોગ ન હતો. ડો. એમ્બરથી પણ મુંઝાયા. એની ઊંઘ પણ હરામ થઇ ગઇ. અંતે ડોકટરે ગ્રીમાલ્ડોને કહ્યું, ભાઇ તમને નખમાં ય રોગ નથી. રિપોર્ટ બધાં નોર્મલ છે. આમ છતાં તમારી પરિસ્થિતિ મને સમજાતી નથી. હું તમને એક સલાહ આપું છું. 'અહીં આપણા શહેરમાં 'જી.જોસેફ' ના હાસ્યના ડાયરા યોજાય છે. તેમાં તમે અચૂક હાજરી આપો. ખૂલ્લું - છૂટથી હાસ્ય થતાં તમે કદાચ શાંતિ અનુભવતો - જોસેફ સારા હાસ્ય કલાકાર છે.'

ગ્રીમાલ્ડો ખડખડાટ હસી પડ્યો. ડો. ને આશ્ચર્ય થયું. ગ્રીમાલ્ડો કહે, ડો. એ, 'જી. જોસેફ' એટલે જ ગ્રીમાલ્ડો જોસેફ - હું જ છું!!

Email - sureshchandrabhatt18@gmail.com

# સામે પૂર તરનાર મહામાનવ ડો. ભીમરાવ આંબેડકર

## અતીતની આજ

- ડૉ.હરિ દેસાઈ

આઝાદી પૂર્વેના અસ્પૃશ્ય ગણાતા પરિવારમાં જન્મીને અનેક સંકટો અને સામાજિક-આર્થિક વિટંબણાઓની વચ્ચે પણ સ્વબળે મારગ કાઢીને પોતાનાં અસ્પૃશ્ય બાંધવોના ઉત્થાન- ઉદ્ધાર માટે આયખું ઘસી નાંખવા સતત સંઘર્ષરત રહેલા મહામાનવ બાબાસાહેબ ડૉ.ભીમરાવ રામજી આંબેડકરના જન્મદિન ૧૪ ઍપ્રિલથી એમની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણી શરૂ થશે. એ માટે રાષ્ટ્રીય સ્તરે અને અનેક રાજ્યોમાં સત્તારૂઢ ભારતીય જનતા પક્ષ તેમજ પરાજયની જેને હજુ કળ વળી નથી છતાં ફિનિક્સ પક્ષીની જેમ ફરી ફરીને રાખમાંથી બેઠા થનારા કૉંગ્રેસ પક્ષ વચ્ચે રીતસર ઝૂંટાઝૂંટનું વાતાવરણ સર્જાયું છે. ડૉ.આંબેડકરનું સાચું વ્યક્તિત્વ કયું એને ભૂલાવી દઈને 'આંબેડકર તો અમારા જ' એવા દાવાઓ સાથે બંધારણના ઘડવૈયા એવા રાષ્ટ્રનેતા ડૉ.બાબાસાહેબ આંબેડકરને અનુકૂળતાઓ મુજબનાં ઐતિહાસિક તથ્યો અને અવતરણોથી પોતીકા કરવાની હોંશનાં આ મહાપૂરમાં ઈતિહાસનાં કૈંક કેટલાંય વિકૃતિકરણ થઈ રહ્યાં છે. ડૉ.આંબેડકરને હિંદુદ્રોહી, રાષ્ટ્રદ્રોહી જ નહીં, બ્રિટિશ એજન્ટ ગણાવનારા ટિળકવાદી, હિંદુવાદી, ભાજપવાદી વિચારકોએ એમને રાષ્ટ્રનાયક ગણાવવાની ઝુંબેશો આદરીને દલિત વૉટબેંક અંકે કરી લેવાની નવી કવાયત આદરી છે. કૉંગ્રેસે તો આઝાદી પછીના સત્તાકાળમાં આંબેડકરનો વપરાશ દલિતો પર પોતાની મક્તેદારી સ્થાપિત કરવા માટે થાય તેટલો કરી લીધો. એમાં કાંશીરામ- માયાવતીની બહુજન સમાજ પાર્ટીએ ફાચર મારી અને હવે ક્યારેક 'આધુનિક મનુ' અને 'દલિતોના મસીહા' ગણાયેલા ડૉ.ભીમરાવ આંબેડકરના નામે વૉટબેંક પાકી કરવા મેદાને પડનારાઓ સાચા આંબેડકરને ભુલાવી બેસવા લગીની આક્રમક ઝુંબેશમાં નવો ઈતિહાસ રચવાની વેતરણમાં છે ત્યારે બુદ્ધિગમ્ય તેમજ તર્કસંગત તથ્યોથી વાત કરનાર વ્યક્તિત્વને પામવું ખૂબ જરૂરી છે.



બાબાસાહેબનું વ્યક્તિત્વ તો મહાસાગર જેવું છે. એટલે ગાગરમાં સાગર ભરવાથી વિશેષ કોઈ દાવો કરી શકાય નહીં. બહુમુખી પ્રતિભા ધરાવનારા ડૉ.આંબેડકરે રાજકીય આઝાદી કરતાં સામાજિક આઝાદી અને ન્યાયને અગ્રસ્થાને મૂકવાનો સતત પ્રયત્ન કર્યો ત્યારે એમને કેટલાક સમકાલીનોએ કે પછી એમના સમકાલીનોના ઈતિહાસના અભ્યાસીઓએ બ્રિટિશોના ઍજન્ટ કે દેશદ્રોહી ગણાવવાની ગુસ્તાખી પણ કરી. 'સંગઠિત થાઓ, શિક્ષિત થાઓ અને સંઘર્ષરત રહો' એવી શીખ પોતાના અનુયાયીઓને આપનારા ડૉ.આંબેડકરની અધિકૃત જીવની લખનાર ધનંજય કીર(ડૉ.આંબેડકરઃ લાઈફ ઍન્ડ મિશન, ચોથી આવૃત્તિઃ૨૦૦૯, પુનર્મુદ્રણઃ ૨૦૧૧)માં એમને ટાંકે છેઃ 'હું તો કહું છું કે જ્યારે મારા અંગત સ્વાર્થ અને દેશના હિત વચ્ચે ટકરાવના સંજોગો સર્જાયા છે ત્યારે મેં સદૈવ દેશના હિતને મારા અંગત સ્વાર્થ કરતાં વધારે મહત્ત્વનું લેખ્યું છે. મેં ક્યારેય મારા વ્યક્તિગત લાભના મારગને અનુસરવાનું પસંદ કર્યું નથી.' રાષ્ટ્રનેતા ડૉ.આંબેડકરના જીવન અને સંઘર્ષનો અર્ક આ અવતરણમાં આવી જાય છે. એટલે 'વર્શિપિંગ ફૉલ્સ ગૉડ'ના લેખક પત્રકારશિરોમણિ અને ભાજપના વડપણવાળી અટલ બિહારી વાજપેયીની સરકારમાં કેબિનેટમંત્રી રહેલા ડૉ.અરુણ શોરિ જેવા ભાજપી નેતાના મોંઢે કાલિમા લગાડવા સુધીના પુણેરી દલિતોના આક્રોશને સમજી શકાય છે. વળી આજે બાબાસાહેબના નામે રાજનીતિ કરનારા રામદાસ આઠવલે કે ડૉ.ઉદિત રાજનું ભાજપ સાથેનું હસ્તધૂનન વૉટબેંક પ્રેરિત રાજકીય ઘટનાક્રમ જ છે.

રાજકીય ઘટનાક્રમોમાં અનેક વિરોધાભાસો ઠાંસી ઠાંસીને ભરેલા હોય છે. ૧૯૪૦માં લાહોરમાં મુસ્લિમ લીગના અધિવેશનમાં 'પાકિસ્તાન ઠરાવ' રજૂ કરનાર ફઝલુલ હકની બંગાળ સરકારમાં ૧૯૪૨માં ડૉ.શ્યામાપ્રસાદ મુખરજી પ્રધાન હોય, એ હિંદુ મહાસભાના અધ્યક્ષ થાય, જનસંઘ-ભાજપના પૂર્વ અવતારના સંસ્થાપક અધ્યક્ષ થાય અને છતાં એમને રાષ્ટ્રવાદી ગણાવાય, જ્યારે ડૉ.આંબેડકર ૧૯૪૦માં 'થૉટ્સ ઑન પાકિસ્તાન' લખીને પાકિસ્તાનની રચનામાં ભારતની સમસ્યાઓનો ઉકેલ નિહાળે ત્યારે એ રાષ્ટ્રદોહી? જુલાઈ ૧૯૪૨માં બ્રિટિશ વાઈસરૉયની કાઉન્સિલમાં અસ્પૃશ્યઃ વર્ગનાં સર્વપ્રથમ પ્રતિનિધિ તરીકે ડૉ.આંબેડકર જોડાય એટલે એ બ્રિટિશ ઍજન્ટ અને એમની બાજુમાં વાઈસરૉયની કાઉન્સિલમાં હિંદુ મહાસભાના નેતા શ્રીવાસ્તવ બિરાજતા હોય છતાં એ રાષ્ટ્રભક્ત? આંબેડકરને કૉંગ્રેસે જ નહીં, હિંદુ મહાસભા અને હિંદુવાદીઓએ ખૂબ અન્યાય કર્યો, છતાં આપબળે સામે પૂર તરનારા આ મહામાનવે હિંદુ ધર્મ છોડવાની વાત આવી ત્યારે અનેક લોભામણી ઑફરો હોવા છતાં ઈસ્લામ કે ખ્રિસ્તવાદને મારગ જવાને બદલે બૌદ્ધવાદને અંગીકાર કરીને કેટલું મોટું રાષ્ટ્રહિતનું કામ કર્યું એના અભ્યાસો આવતી પેઢીઓએ કરવા પડશે. ગાંધીજી-સરદાર પટેલની પ્રેરણાથી ૧૯૪૨ના ઑગસ્ટમાં 'હિંદ છોડો'ની ચળવળ આરંભાઈ. પંડિત જવાહરલાલ નેહરુએ વર્ધાની કારોબારીમાં 'હિંદ છોડો'નો વિરોધ કર્યો હતો પણ પાછળથી પક્ષની બહુમતી સાથે જવાનું પસંદકર્યું. એ વેળા ડૉ.આંબેડકર જ્યારે સત્તામાં પ્રધાનપદે હતા, ત્યારે કૉંગ્રેસી આગેવાનો જેલવાસ ભોગવી રહ્યા હતા. કોઈ પૂછતું કેમ નથી કે એ વેળા હિંદુવાદીઓ ક્યાં હતા? હિંદુ મહાસભા એ વેળા સામ્યવાદીઓની જેમ જ બ્રિટિશરોને ખોળે હતી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના ૧૯૨૫માં ડૉ.કેશવ બલિરામ હેડગેવારે કરી. એ કૉંગ્રેસી નેતા હતા. ૧૯૩૪ સુધી કૉંગ્રેસમાં હતા. એમણે આઝાદીના જંગમાં વ્યક્તિગત રીતે સહભાગી થવા માટે સરસંઘચાલકપદ હંગામીધોરણે ડૉ.પરાજપે જેવા અન્ય મહાનુભાવને આપીને જેલવાસ સ્વીકાર્યો હતો. સંઘ આઝાદીની એ ચળવળમાં સહભાગી નહોતો.એનાં તથ્યો સંઘવિચારક ડૉ.રાકેશ સિંહાલિખિત ડૉક્ટરજીની જીવનીમાં તગે છે. એનું પ્રકાશન ભારત સરકારે કર્યું છે.

ડૉ.આંબેડકરે પાકિસ્તાનના સમર્થનની ચિકિત્સા કરી ત્યારે ગ્રીસ, બલ્ગેરિયા અને તુર્કસ્તાનની જેમ લઘુમતીઓના સંપૂર્ણ સમર્થનનો આગ્રહ સેવ્યો હતો. એ લખે છેઃ 'કોમી શાંતિ માટે લઘુમતીઓનું સ્થળાંતર કાયમી ઉપાય છે. તે વાતમાં લગી રે શંકા નથી.' પાકિસ્તાનના પ્રદેશમાંથી તમામ હિંદુ ભારત પ્રદેશમાં સ્થળાંતરિત થાય અને ભારતમાંથી તમામ મુસલમાન પાકિસ્તાન જાય એ ડૉ.આંબેડકરની ભૂમિકાને અનુકૂળતાએ સંઘ પરિવાર તેમને સંઘવિચારક ગણાવીને ટાંકે ત્યારે તો હદ થાય છે. આંબેડકરે પાકિસ્તાનનું સમર્થન કર્યું એ મુદ્દે તેમની પર ટીકાની ઝડી વરસાવનાર હિંદુ નેતાઓને ડૉ.આંબેડકરનો સણસણતો જવાબ હતોઃ 'બ્રહ્મદેશને હિંદથી છૂટું પાડવામાં આવ્યું ત્યારે હિંદુઓએ વાંધો લીધો નહોતો.' ભારતીય લશ્કરમાં મુસ્લિમ તથા હિંદુઓની ટકાવારી, પ્રદેશોની આવક સહિતનાં અનેક તથ્યો રજૂ કરીને જ માર્ચ ૧૯૪૦માં 'પાકિસ્તાન ઠરાવ' થયો અને ડિસેમ્બર ૧૯૪૦માં તો બાબાસાહેબનું પાકિસ્તાન વિષયક પુસ્તક પ્રકાશિત થયું.

રાષ્ટ્રનેતા ડૉ.આંબેડકરમાં વિચારસાતત્ય અને તર્કસંગત રજૂઆત કાયમ જણાય છે. એમણે વિચાર બદલ્યો હોય ત્યારે પણ એને નિઃસંકોચ રજૂ કરવાનું એ ચૂક્યા નથી. એમણે વિપુલ પ્રમાણમાં લખવાનું પસંદ કર્યું છે.વર્તમાન નેતાગીરી પોતાના વૈચારિક વિરોધાભાસો પર ઢાંકપિછોડો કરવા માટે કે ઉઘાડા પડી જવાની બીકે સ્વતંત્રતાના સંઘર્ષકાળની નેતાગીરીની જેમ નિર્ભીકપણે લખવાનું ટાળે છે. ડૉ.આંબેડકરે ૧૯૩૫માં યેવલા ખાતે 'હિંદુ તરીકે જન્મ્યો ભલે હોઉં, પણ હિંદુ તરીકે મરીશ નહીં' એવી ભૂમિકા સાથે ધર્માંતર કરવાની જાહેરાત કરી ત્યારે તેમને હિંદુ ધર્મવ્યવસ્થામાં રહેલાં જાતિવાદ, વર્ણવ્યવસ્થા અને અસ્પૃશ્યતાનાં દૂષણોનો અભ્યાસ અને જાતઅનુભવ હતો. જો કે જે હિંદુવાદી નેતાઓ એમને ધર્માંતર કરવાથી વારવાની કોશિશ કરી રહ્યા હતા એમની સામે એમણે અમુક હિંદુવાદી દૂષણોને નાબૂદ કરવાનો પડકાર ફેંકતાં મુદ્દત પણ આપી. છેક ઑક્ટોબર ૧૯૫૬માં એમણે ખૂબ વિચાર પછી બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો. ડિસેમ્બર ૧૯૫૬માં એમના નિર્વાણની ઘડી આવી. એ પહેલાંના સમયગાળામાં બંધારણસભા હોય કે નેહરુ સરકારનું મંત્રીપદ, હિંદુધર્મ અને હિંદુવાદીઓ સાથેના વ્યવહારનું ભ્રમનિરસન સદૈવ થયું છે. હિંદુ કૉડ બિલના મુદ્દે તો એમણે પ્રધાનપદ છોડવું પડ્યું હતું. છેક ૧૯૪૦ના ડિસેમ્બરમાં પાકિસ્તાન વિશે ગ્રંથ લખનાર ડૉ. બાબાસાહેબે એની બીજી આવૃત્તિ ૧૯૪૫માં પ્રકાશિત કરી. 'પાકિસ્તાન અથવા હિંદના ભાગલા' (ડૉ.બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ ગ્રંથ-૧૫)ની ભાજપના વડપણવાળી ગુજરાત સરકારે ૧૯૯૮માં પ્રકાશિત કરેલી ગુજરાતી આવૃત્તિમાં ડૉ. આંબેડકરે નોંધ્યું છેઃ 'કૉંગ્રેસ હિંદુઓની સંસ્થા છે તેવું ફરીવાર કહેવાનો કશો અર્થ નથી. જે સંસ્થા તેની રચનામાં જ હિંદુ હોય તે હિંદુ માનસનું પ્રતિબિંબ પાડે જ અને હિંદુ મહેચ્છાઓને સમર્થન વચ્ચે એકમાત્ર જ ભેદ છે. હિંદુ મહાસભા તેના ઉદ્ગારોમાં તોછડી છે અને અને તેના વર્તનમાં જંગલી છે. જ્યારે કૉંગ્રેસ વિચક્ષણ અને નમ્ર છે. આ હકીકતના ભેદ સિવાય કૉંગ્રેસ અને હિંદુ મહાસભા વચ્ચે અન્ય કોઈ ભેદ નથી.'

બાબાસાહેબના આ અવતરણને વર્તમાન સમયના રાજનીતિક ઘટનાક્રમ સાથે સરખાવવા જેવું ખરું! આઝાદી પહેલાંની કૉંગ્રેસ હિંદુવાદી હતી, આજે ભાજપ હિંદુવાદી ગણાય છે. સત્તામાં આવવા એણે પણ સૅક્યુલરી વાઘા ચડાવવા માંડ્યા છે, પણ હિંદુ વૉટબેંકને મજબૂત રાખવા માટે સંઘ-ભાજપ-વિહિંપના નેતાઓનાં વિવાદસર્જક નિવેદનોનો પ્રવાહ અખંડ રાખ્યો છે. વિવાદો એને સત્તાની સીડી ચડવામાં કે ચડ્યા પછી સત્તા ટકાવવા માટે અનુકૂળ રહે છે.

'આંબેડકરઃ ભારતીય સામાજિક ચેતનાને જગાડનાર' ગ્રંથ લખનાર ડૉ.નરેન્દ્ર જાધવ અને 'વર્શિપિંગ ફૉલ્સ ગૉડ'ના રચયિતા ડૉ. અરુણ શોરિના ગ્રંથોનો તુલનાત્મક અભ્યાસ કરવાથી બાબાસાહેબના વ્યક્તિત્વને અલગ જ નિખાર મળે છે. ૧૯૨૫માં બાબાસાહેબે હિંદુ ધર્મને ત્યાગવાની પ્રગટ ઘોષણા કરી એ પૂર્વે છેક ૧૯૨૪થી એમણે આ દિશામાં ચિંતન આરંભી દીધું હોવાનું વિજય સુરવાડે સંપાદિત 'ડૉ.બાબાસાહેબ આંબેડકરાંચી નિવડક ભાષણે : ભાગ મહિલા (૧૯૨૦-૩૬)'ના અભ્યાસમાં જણાઈ આવે છે. જોકે યેવલા ઘોષણા પછી બાબાસાહેબે પુત્ર યશવંત સહિતનાને અમૃતસર પાઠવીને શીખ ધર્મ અપનાવવાના વિકલ્પને નાણી જોયો,પરંતુ એ અનુકૂળ લાગ્યું નહીં. ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મના વિકલ્પો ખુલ્લા હતા પણ 'હિંદુ સંસ્કાર અને સંસ્કૃતિના ભવિષ્યની જવાબદારી' નિભાવવા તેમણે ભારતમાં જ જન્મેલા બૌદ્ધ ધર્મ પર પસંદગી ઉતારી બાબાસાહેબે 'સ્વાતંત્ર્ય, સમાનતા અને બંધુતાના સમગ્ર વિશ્વમાં સર્વપ્રથમ પ્રણેતા બુદ્ધ' હોવાનું નોંધ્યું છે. જો કે ઑક્ટોબર ૧૯૫૬માં એમણે બૌદ્ધ ધર્મ અંગીકાર કરતાં જે ૨૨ પ્રતિજ્ઞાઓ પોતાના અનુયાયીઓને લેવડાવી હતી, એમાંની કેટલીક હિંદુવિરોધી હતી. નાગપુરની ચૈત્યભૂમિ પરના સ્તંભ પર કોતરાયેલી આ પ્રતિજ્ઞાઓને ઈતિહાસની ગર્તામાં ભૂલાવી દઈને સંઘના મુખ્યાલય અને ચૈત્યભૂમિ વચ્ચેનો વૈચારિક રાજમાર્ગ તૈયાર થઈ રહ્યો છે. બંનેનો સંબંધ વિજયાદશમી સાથે છે. સંઘની સ્થાપના ૧૯૨૫માં દશેરાના દિવસે અને ડૉ.બાબાસાહેબનું ધર્માંતરણ પણ ૧૯૫૬ના દશેરાના દિવસે જ થયું. બાબાસાહેબલિખિત 'હિંદુ ધર્મના કૂટ પ્રશ્નો (રિડલ્સ ઈન હિંદુઈઝમ)'માં શ્રીરામ અને શ્રીકૃષ્ણ વિશેનાં અભદ્ર ગણાય એવાં લખાણોને સમજણના સેતુ રચવા તત્પર રાજકીય અગ્રણીઓ સમજણના સેતુ રચવા તત્પર રાજકીય અગ્રણીઓ વિસારે પાડીને આગળ વધશે.

# કોઈ પણ મહાપુરુષ કે મહાત્મા જન્મથી નથી હોતા, એમનો ધીરે ધીરે વિકાસ થાય છે. બાબાસાહેબને વડોદરામાં સુખ સાહ્યબી મળી હોત તો તે આંબેડકર ન થયા હોત

## ગાંધીજી અને આંબેડકર

- પ્રવીણ ગઢવી

ગાંધીજીની માતૃભક્તિ વિખ્યાત છે. માના વચનને કારણે વિલાયતમાં તેઓ માંસ-મદિરાથી દૂર રહ્યા, પરંતુ એ જ માએ ઘરમાં સફાઇ કામ કરવા આવતા ઉકાભાઇને ન અડાય, એમ કહ્યું તો ન માન્યા અને એમને અડ્યા.

દક્ષિણ આફ્રિકામાં તો ટ્રેનમાં અને સિગરામમાં પોતાને ખૂદને અછૂત હોવાનો અનુભવ થયો. જે હિંદીઓ દેશમાં શુદ્રોને અછૂત માને છે, તેઓ જ આફ્રિકામાં અછૂત હતા. ગાંધીજી આફ્રિકામાં હતા ત્યારે અંત્યજો એમને ત્યાં આવતા - જતા. આફ્રિકા છોડ્યું ત્યારે જુલાઇ ૧૯૧૪માં એમણે ત્યાંના દલિતોએ માનપત્ર આપેલું.

આમ સનાતની અને ધાર્મિક હોવા છતાં ગાંધીજીમાં પહેલેથી જ અસ્પૃશ્યતાનો ભાવ નહોતો. એમાં અમદાવાદમાં કોચરબ આશ્રમની સ્થાપના કરતાં એમણે ટ્રસ્ટીઓને સ્પષ્ટતા કરેલી કે, 'જો કોઇ અંત્યજ આશ્રમમાં રહેવા આવશે તો રાખીશ.' પરંતુ ટ્રસ્ટીઓને એમ થયું કે મહાત્મા ભલેને કહે, એમ કયાં અંત્યજ મળવાના છે! વૈષ્ણવ મિત્રોએ સંતોષ માન્યો, પરંતુ ઠક્કરબાપા દુદાભાઇને લઇ આવ્યા. રઘુવચનમાં કદાચ ફેરફાર થાય પણ આ તો ગાંધીવચન. એમણે રાખ્યા અને આશ્રમ બંધ કરવો પડે તેવી સ્થિતિ આવી.

આમ ગાંધીજીની અસ્પૃશ્યતા સામેની સૂગમાં શંકા કરાય તેવું નથી, પરંતુ ગાંધીજી ટોલ્સટોય, રસ્કિન, થોરો જેવા પશ્ચિમી વિચારકોના પ્રભાવમાં હોવા છતાં ન જાણે કેમ, તેમણે ગીતાનો વર્ણાશ્રમ સ્વીકાર્યો હતો. એમણે વર્ણાશ્રમ જન્મ આધારે નહિ પણ કર્મ આધારે હતો. જેમ શિક્ષક, સૈનિક, વેપારી અને સેવક એવા ભાગ સમાજમાં પાડી શકાય તેવી વાત હતી. પણ સફાઇ કામદાર સફાઇ કામદાર રહે તેવી વાત કે તેનું કામ પવિત્ર છે, એવું કોઇ કાળે સ્વીકારી શકાય નહિ. ગાંધીજી અસ્પૃશ્યતાનો ઇન્કાર કરતા હતા પરંતુ વર્ણાશ્રમનો સ્વીકાર કરતા હતા તેને એમના વિચારોની વિસંવાદિતા જ કહી શકાય.



બાબાસાહેબ આંબેડકર ખસૂસ વિચારમાં વધુ આગળ અને પ્રગતિશીલ હતા. તેઓ વર્ણાશ્રમનો જ ઇન્કાર કરતા હતા. માર્ક્સે કહ્યું છે કે દરેક વિચારક પેગંબર પર તેના જમાનાના વિચારોની અસર પડે જ છે. બુદ્ધદાસને એના સ્વામીને મુક્તિની કિંમત ચૂકવ્યા વિના સંઘમાં પ્રવેશ આપતા નહોતા. સ્ત્રીઓને પણ સંઘમાં પ્રવેશ આપવામાં તેમની સંમતિ નહોતી. સોક્રેટિસ ગુલામ પ્રથાને વાજબી ગણતો હતો. આમ ગાંધીજી જૂના જમાનાના હતા એટલે એની મર્યાદાઓમાંથી છૂટી શક્યા નહોતા.

કોઇ પણ મહાપુરુષ કે મહાત્મા જન્મથી નથી હોતા. એમનો ધીરે ધીરે વિકાસ થાય છે. બાબાસાહેબને વડોદરામાં સુખ સાહ્યબી મળી હોત તો તે આંબેડકર ન થયા હોત. ગાંધીજીને ટ્રેનમાં હડસેલ્યા ન હોત તો તેઓ એક વકીલ જ રહ્યા હોત. માર્કસ પણ હેગેલના પરિચયમાં ન આવ્યા હોત તો ફક્ત રેશનાલિસ્ટ જ બન્યા હોત ! ફૂલે અપમાનીત ન થયા હોત તો માળીજ રહ્યા હોત!

'ઇન્ડિયન ઓપીનિયન' માં જે તે વખતે ગાંધીજીએ કાળા (સ્થાનિક લોકો) અને હિંદીઓને સમાન ગણવા સામે વિરોધ કર્યો હતો, કેમ કે હિંદીઓ વેપારી અને કરારથી આવેલા મજૂરો હતા. જે ગાંધી વર્ણાશ્રમમાં માનતા હતા તે વર્ણાન્તર લગ્નોમાં માનતા હતા! સવર્ણ અને દલિતો વચ્ચેના લગ્નોમાં જ તે હાજરી આપતા હતા. પરંતુ ધર્માન્તર લગ્નોનો (હિન્દુ - મુસ્લિમ ખ્રિસ્તી) વચ્ચેનો વિચાર તેમને આવ્યો નથી. 'લવ જિહાદ' વાળા ધર્માન્તર લગ્નોનો આજના જમાનામાં વિરોધ કરી રહ્યા છે!

ગાંધીજીની દલિતોના પ્રશ્નો કસોટી થઇ ૧૯૩૨ની ગોળમેજી પરિષદમાં, મુસ્લિમોને અલગ મતદાર મંડળ આપવાની સાયમન કમિશને ભલામણ કરી ત્યારે બાબાસાહેબ આંબેડકર તેમાં સમત નહતા. પરંતુ સરકારે તો નિર્ણય જ કર્યો ત્યારે એમને દલિતો માટે પણ અલગ મતદાર મંડળ માગવાનો વિચાર આવ્યો. ગાંધીજીનો તેમાં વિરોધ હતો. અત્યાર સુધી ધર્મ આધારિત અલગ મતદાર મંડળો બન્યાં હતા. પરંતુ દલિતો માટે અલગ મતદાર મંડળ એટલે જ્ઞાતિ આધારિત થાય. ગાંધીજી દલિતોને હિંદુ ધર્મી માનતા ન હતા, અલગ માનતા નહોતા. તેથી એમણે વિરોધ કર્યો, પછી પૂના કરારની હકીકત સુવિદિત છે પરંતુ ત્યારથી આંબેડકરની ગાંધીજી માટેની કડવાશ રહી તે આજીવન રહી. ગાંધીજીને આંબેડકર માટે આદર હતો પરંતુ મતભેદ કાયમી રહ્યા.

જો શીખોને, મુસ્લિમોને અલગ મતદાર મંડળ હોય તો દલિતોને અલગ મતદાર મંડળ આપવાની કંઇ દેશના ભાગલા પડવાના નહોતા. આંબેડકરની વાત સાચી હતી. પણ આ તો દલિતોને હિન્દુ ધર્મમાંથી બાદબાકી કરવાની વાત છે, તેવા ખ્યાલે ગાંધીજીએ જીદ પકડી. આખરે સમાધાનમાં દલિતોને અનામત સીટો આપવામાં આવી. આપણાં બંધારણ બનતાં તે પ્રથા અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે ચાલુ રહી, પરંતુ મુસ્લિમો માટેનાં અલગ મતદાર મંડળો રદ થયાં. આમ બંધારણ મુજબ તો માનીએ તો ગાંધીજી અને આંબેડકર બંનેની જીત થઈ!

ગાંધીજીએ અસ્પૃશ્યતાના મુદ્દાને રાષ્ટ્રીય બનાવ્યો. મંદિર પ્રવેશ, સમુહ ભોજન, વર્ણાન્તર લગ્ન વગેરેની ઝૂંબેશ ચલાવી. ગાંધીજીને જાહેરમાં 'મહાત્મા' કહેતા લોકો એમના સન્માન સ્વાગત પછી એ બેઠા હોય તે ઓટલા ધોતા! એટલે ગાંધીજી 'અસ્પૃશ્ય' બની ગયા હતા અને આજેય ગામડામાં દલિતો અને અનામતના વિરોધીઓ દોષનો ટોપલો ગાંધીજી પર નાંખે અને ગાળો દે છે!

પરંતુ બાબાસાહેબ આંબેડકર ન હોત તો દલિતોનો પ્રશ્ન ગાંધીજી સહિત કોઇએ હાથમાં ન લીધો હોત તે પણ હકીકત છે. બાબાસાહેબ અને ગાંધીજી અને ઈતિહાસનાં પાત્રો છે અને તેમના વચ્ચે થયેલાં મતભેદ ઐતિહાસિક પરિપેક્ષ્યમાં જોવા જોઇએ. જો ને તો થી ઇતિહાસ બદલી શક્યો નથી. પાકિસ્તાનમાં હિન્દુઓ માટે અલગ મતદાર મંડળ ઝીયાએ કર્યો તો મુસ્લિમ રાજકીય નેતા હિન્દુઓની સારસંભાળ લેતો નહોતો. એટલે આજે દલિતોનાં અલગ મતદાર મંડળ હોત તો જ દલિતોદ્ધાર થતો હોત, એમ માની ન શકાય. પક્ષીય રાજકારણને કારણે જે તે પક્ષના જ દલિતો ઉમેદવારો ચૂંટાતા હોત, તો આજની વસતી આધારીત અનામતથી વધુ ફેર પડ્યો ન હોત.

૧૯૩૫ પહેલાં ગાંધીજી હિન્દુ અને મુસ્લિમો બંનેના નેતા હતા. દેશમાં કોમી એકતાનું સુંદર વાતાવરણ હતું પરંતુ પછી મુસ્લિમ લીગનો પ્રભાવ વધતાં મુસ્લિમો ઝીણા તરફ ઢળ્યા. ભાગલા પછી ઝીલા તો પાકિસ્તાન ગયા એટલે રહી ગયેલા મુસ્લિમોએ ગાંધીમાં પોતાનો તારણહાર જોયો તેથી હિન્દુત્વવાદી તત્ત્વો તેમાં દુશ્મન બન્યા અને એમણે જાન ખોયો.

ગાંધીજી, ઠક્કરબાપા, પરિક્ષીતલાલ, મામાસાહેબ ફડકે વગેરે એ દલિતો માટે દર્શાવેલ પ્રેમ અને સેવાની કિંમત ઓછી આંકી ન શકાય પરંતુ બાબાસાહેબ આંબેડકરના નિર્વાણ પછી મહારાષ્ટ્રમાં આંબેડકરવાદી ચળવળ મજબૂત થતાં દલિતો ગાંધીજીથી વિમુખ થવા લાગ્યા. આમ ગાંધીજી હવે રુપિયાની નોટોમાં રહ્યા. રજનીશજીએ, અરુણ શૌરીઓ અને અરુધંતીઓ, ગાંધી - આંબેડકર જેવા મહાનુભાવોની પ્રતિમાઓ તોડી મીડિયામાં પ્રસિદ્ધિ મેળવે છે. હવે તો હિન્દુત્વ વાદીઓ સત્તામાં આવતાં ગાંધીજીને ગાળો દેવાની ફેંશન ચાલે છે. હિન્દુત્વવાદીઓ અને આંબેડકર વાદીઓ બંને ગાંધીજીને ગાળો દઇ રહ્યા છે.

એ વાત સાચી છે કે બાબા સાહેબ આંબેડકર આજીવન ગાંધીજી સાથેનું સમાધાન સ્વીકાર્યું નહોતું, પરંતુ ઈતિહાસ હવે તટસ્થતાથી જોવો મૂલવવો રહ્યો.

# અન્ત કે બાદ ભી તુમ બચ રહે હો...

## વિચારયાત્રા

- ડો. જય ઓઝા

એક દિન ચુપચાપ હો જાગેયા અન્ત
વૈસે હી જૈસે
સિનેમાગર મેં દેર તક બૈઠને કે બાદ
જબ તુબ બાહર નીકલતે હો
તો મૌસમ અકસર બદલ ગયા હોતા હૈ,
તુમ્હે દુઃખ નહીં હોગા
તુમને સુખ કા એક નીચલા સ્તર
સ્વીકાર કર લીયા હોગા તબ તક
ઔર તુમ્હારી ચીખ
જિન્દગી કે લીયે નહીં,
ચીજો કે લિયે હો જાયેગી
હો સકતા હૈ, તબ વસન્ત હો
પર દૈનિક એકરસતાને તુમ્હેં
ઈતના સાહસી બનાય દિયા હોગા
કિ જયાં ફુલો કે અનગિન અગ્નિવન હોંગે
વહાં ભી તુમ કુછ નહીં દેખ સકોગે.
કોઈ અન્તર નહીં રહ જાયેગા
ગર્મિયો મેં તપસી ધૂપ
ઔર તુમ્હારે પુરાને સ્વપ્નો મેં
તુમ્હે દોનો સે પરેશાની હોગી
તુમ્હારે પાસ કોઈ ભાષા નહીં હોની
શબ્દો કી એક નિષ્કરુણ પરમ્પરા રહ જાયેગી
ઔર ભવિષ્ય, એક ભૂલે હુએ વિદેશી વ્યાકરણ કી તરહ
હો સકતા હૈ, ઈતના સન્તોષ તુમ્હો હો
કિ અન્ત કે બાદ ભી
તુમ બચ રહે હો

- અશોક વાજપેયી

આ કવિતા બે વાર વાંચીને પછી આગળ વધવા જેવું છે. કવિતાના શબ્દો આલંકરિક કે સાહિત્યિક હશે પરંતુ તેનો ભાવ બિલકુલ સ્પષ્ટ છે.

આપણે સુખ અને દુઃખની વ્યાખ્યા શી કરીએ છીએ? ઘરમાં એ.સી. હોય એ સુખ છે... પણ આંગણામાં લીમડાની નીચે ખાટલો ઢાળીને નિરાંતે બેસવું અને લીમડાની કુદરતી ઠંડક માણવાને આપણે સુખ નથી ગણતા...

ઓફિસ રિલેશન મેઈન્ટેઈન કરવા માટે અથવા બિઝનેશ વધારવા માટે તાજ હોટલમાં ડિનર કરવું, દેખીતી રીતે જ અજાણ્યા લોકો જોડો પ્લાસ્ટિકીયા સ્માઈલ સાથે સેન્ટ્રલી એ.સી. રેસ્ટોરન્ટમાં કોન્ટીનેન્ટલ ખાવું સુખ છે...

પરંતુ સાંજે પરિવાર સાથે બેસીને ભાખરી શાક ને દૂધનું સાદું બોજન લેતાં લેતાં બાળકો સાથે મજાક-મસ્તી કરતાં કરતાં સાત્ત્વિક ભોજન લેવાની ક્ષણોને આપણે સુખ માનીએ છીએ ખરા!

હમણાં જ એક મિત્ર સાથે ચર્ચા કરતા જાણવા મળ્યું કે, દુનિયાના માંડ - પાંચથી દસ ટકા લોકો એવા છે કે જે, દુનિયા ચલાવે છે... મલ્ટિ બિલિયોનેર - અબજો પતિ, ખર્વો પતિ લોકોની આ જે મંડળી છે. તે **Elite** લોકો તરીકે ઓળખાય છે... ઈલાઈટ લોકોએ વિચાર્યું કે જો હંમેશાં આપણે બાકીના આ ૯૦ ટકા લોકો ઉપર રાજ કરવું હશે... અને આપણું આ સ્થાન આપણી સર્વોપરિતા જાળવી રાખવી હશે તો આ બીજા ૯૦ % લોકોને એવા રવાડે ચડાવી દો કે તેઓ આપણી કક્ષા સુધી પહોંચવાનો વિચાર કરવાનો સમય જ ન કાઢી શકે...

આપણે બધા એવી રેટ રેસના હિસ્સા બની ગયા છીએ કે જેની કોઈ ફિનીશીંગ લાઇન જ નથી... જેવું આપણને લાગે કે હવે આ સામે જ લાલ રિબન આવી ગઈ અને રેસ પૂરી થવામાં જ છે, જીત હાથવેંત છેટી છે... ત્યાં જ ફિનીશીંગ લાઇન વધારી દેવામાં આવે છે, મૃગજળની પાછળ દોડતાં આપણે લક્ષ્ય વગરની ઘેટા ચાલમાં ઘસડાતા રહીએ છીએ...

અને જોવાની ખૂબી એ છે કે આપણે આ સિસ્ટમથી એટલા **Used to** થઈ ગયા છીએ કે... આપણને મળતા દુઃખ, યાતના, અત્યાચાર, નિરાશા, અન્યાય ને આપણે સુખના બાહ્ય રેપરમાં પેક કરીને આવતી ગીફ્ટ સમજી લઈએ છીએ...

આપણે સુખનું એવું નીચલું સ્તર સ્વીકારી લીધું છે કે કયારેય દુઃખ જ ન થાય... આપણી દોટ જીવન માટે **Quility of life** માટે નહીં પરંતુ વસ્તુઓ માટે થઇ ગઇ છે...

આપણે એવી મોનોટોનસ લાઇફના ચક્કરમાં ફસાઈ ચૂક્યા છીએ કે, સાચા સુખની સાત્ત્વિક અને તાત્ત્વિક વ્યાખ્યા ફગાવી દઈને કાલ્પનિક મૃગજળ જેવા દુઃખરુપી સુખને અપનાવી લીધું છે...

અગાઉ કહ્યું તેમ બીજી શેરીમાં રહેતા મિત્ર કે સંબંધીને ઘરે જઈને મળીએ ચા-પાણી કરવા કરતા **G-Talk** પર કે **Whats App** પર ચેટીંગ કરવાનું વધુ સોફિસ્ટીકેટેડ ગણીએ છીએ...

આ ઉનાળામાં આંબાના ઝાડ પરથી આવતા કોયલના ટહૂકાનો કે બપૈયાના કલરવનો આનંદ વિનામૂલ્યે અમૂલ્ય મળે છે... પણ આ આપણે મોબાઈલમાં નવી નવી રીંગટોન ડાઉનલોડ કરીને શેખી મારવામાં વધુ આનંદ મેળવીએ છીએ...

બીજા દ્વારા કરેલા ફોરવર્ડેડ મેસેજને સવાર સવારમાં **Good morning** ની ટેગ લાઇન સાથે મોબાઈલમાં **Sent to many** ઓપ્શનમાં જઈને બધાને બલ્ક મેસેજ મોકલી શિષ્ટાચાર પૂરો કરવાનો આનંદ ઉઠાવતાં આપણે પોતીકી અભિવ્યક્તિ વ્યક્ત કરવાનું વિસરી ચૂક્યા છીએ...

કવિ કવિતાના અંતમાં ગેઈલ જેવી ટાવરીંગ સિક્સ મારતાં કહે છે કે આપણે બધાં બેજોડ છીએ... કે આપણને એટલો સંતોષ છે કે આપણો જે આ અંતરનો અંત આવી ગયો હોય છતાં આપણે બચી ગયા છીએ...

સુખ મળ્યાની ભ્રાંતિમાં જીવતા આપણે સાચા સુખને નિર્મળ આનંદને તો કયાંક છેટે મૂકી આવ્યા છીએ...

આપણને અત્યારે જે મળ્યું છે એ સુખ નથી... એ તો એક છેતરામણો હથેળીનો ચાંદ છે... આપણી માંહે જે અંતરાત્માના પોરકારને ડામી દઈને સાત્ત્વિક જીવનનો આનંદ નહીં પણ વસ્તુઓ પાછળ દોટ લાગવનારા આપણે જયારે બે મિનિટ નો સ્ટ્રેટેજીક બ્રેક લઈને વિચારશું તો ધ્યાનમાં આવશે કે સુખ મેળવવા માટે કયાંક દોડવાની જરુર નથી. બસ અંદર જ ડૂબકી લગાવવાની છે...